RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 129 Date: 29.02.2024 Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# માર્ચ મહિનાની શરૂઆતના ૩ દિવસમાં જ ઉ. ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની આગાહી



હવામાન વિભાગ દ્વારા ૧થી ૩ માર્ચ દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અપ્રોચ કરી રહ્યું છે આથી ગુજરાતના કેટલાક ભાગોમાં વાદળછાયા વાતાવરણ સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા છે. રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થવાથી શિયાળાએ વિદાય લીધી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ વરસાદ દસ્તક દેશે. તેમજ અરબી સમુદ્રમાં ઊંચાં મોજાં ઊછળશે. આ માવઠાની આગાહીને લઈ જીરું સહિતના પાકો હજુ તૈયાર થયા ન હોવાથી ખેડૂતોના જીવ અદ્ધર થયા છે.હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, આગામી ૧થી ૩ માર્ચ દરમિયાન રાજ્યના કેટલાક ભાગમાં છૂટાછવાયા હળવા વરસાદની આગાહી છે. આ ઉપરાંત અમદાવાદ સહિતના આસપાસના વિસ્તારમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે વાદળછાયું વાતાવરણ રહેશે. હવામાન વિભાગ અનુસાર ૧ માર્ચ રોજ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદની શક્યતા છે. જેમાં ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, પાટણ સહિત સૌરાષ્ટ્રના કચ્છ, દેવભૂમિ દ્વારકા, અને ગીર સોમનાથમાં હળવા વરસાદની શક્યતા છે.ઉલ્લેખનીય છે કે ગઈકાલે હવામાન વિભાગની આગાહીમાં કચ્છ અને દેવભૂમિ દ્વારકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. જ્યારે આજરોજ હવામાન વિભાગની આગાહીમાં સૌરાષ્ટ્રના પણ કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. હજુ પણ આગામી ૨૪ કલાક બાદ અન્ય કયા જિલ્લાઓમાં વરસાદની આગાહી છે તે અંગે ચોક્કસ માહિતી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવશે.ચોથા દિવસે એટલે કે ૨ માર્ચના રોજ અગાઉ દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી હતી. પરંતુ આજે હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના કોઈપણ જિલ્લામાં વરસાદની આગાહી કરી નથી. પરંતુ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ સહિત સૌરાષ્ટ્ર-કચ્છ જિલ્લામાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે.આગામી ૪૮ કલાક રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેશે. અમદાવાદ સહિતના આસપાસના વિસ્તારોમાં પણ વરસાદની શક્યતા છે. ઠંડીની અસર પણ ઓછી થઈ હોય તેઓ માહોલ સર્જાયો છે. કારણ કે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીએ પહોચ્યું હતું. આગામી ૨૪ કલાક દરમિયાન પણ અમદાવાદ જિલ્લાનું લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રીએ પહોંચે તેવી શક્યતા છે.છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યભરમાં સૌથી લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી કેશોદમાં નોંધાયું હતું. આગામી ૨૪ કલાક રાજ્યના મોટાભાગનાં શહેરોમાં લઘુતમ તાપમાનમાં વધારો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી હતી. આજે પણ અરબી સમુદ્રમાં તોફાની મોજાં ઊછળવાની શક્યતાઓને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. હાલમાં દરિયાકાંઠાના વિસ્તારમાં પવનની ગતિ ઉત્તરપૂર્વ દિશા તરફથી છે. જ્યારે પવનની ઝડપ ૨૫-૩૫ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. આ ઉપરાંત રાજ્યના બાકીના વિસ્તારમાં પણ પવનની દિશા ઉત્તર-પૂર્વીય રહેશે અને પવનની ઝડપ ૫-૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે.

## નડિયાદના કોર્ટ બિલ્ડિંગ માટે તાત્કાલિક નાણાકીય મંજૂરી આપવા માંગણી



નડિયાદ : નડિયાદમાં નવુ કોર્ટ બિલ્ડિંગ ત્રણ વર્ષથી તૈયાર થયેલું છે. આ બિલ્ડિંગના કામ માટે હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલા વધારાના ભંડોળ માટે સરકારમાં દરખાસ્ત મોકલી છે. જેને આઠ માસ જેટલો સમય વિતવા છતાં નાણાં વિભાગ દ્વારા કોઈ કારણસર દરખાસ્તને મંજૂર કરવામાં વિલંબ કરવામાં આવી રહ્યો હોવાનું જણાવી હાઈકોર્ટે મોકલેલી દરખાસ્તને નાણાં વિભાગ તાત્કાલિક મંજૂર કરે તેવી માંગ સાથે નડિયાદ બાર એસોસિએશનના પ્રમુખે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી છે.નડિયાદ ખાતે હાઈકોર્ટના તાબા હેઠળ નવી કોર્ટ બિલ્ડિંગ આશરે ત્રણ વર્ષથી તૈયાર છે પરંતુ નાણાં વિભાગ દ્વારા નાણાંની દરખાસ્ત સમયસર મંજૂર નહિ થવાના કારણે આ નવા બંધાયેલા કોર્ટ બિલ્ડિંગનું ઉદ્ઘાટન થયું નથી. આઠેક માસ અગાઉ ફોલ સીલિંગ, વીઆરવી, પાર્ટીશન અને એસી માટે રૂ.૧૩,૬૩,૧૦,૦૦૦ની હાઈકોર્ટ દ્વારા દરખાસ્ત મંજૂર કરીને લીગલ વિભાગને મોકલેલી છે. પરંતુ તે દરખાસ્ત હાલમાં નાણાં વિભાગમાં મંજૂરી માટે પેન્ડિંગ છે.

## ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવતાં મોટી કરુણાંતિકા, માલીમાં બ્રિજ પરથી બસ નદીમાં ખાબકી, ૩૧ લોકોનાં મોત

આફ્રિકન દેશ માલીમાં એક ભયાનક દુર્ઘટના બની છે જેમાં એક બસ બ્રિજ પરથી નદીમાં ખાબકતા ૩૧ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ ઘટના કેનીબા વિસ્તાર માં બની હતી.આ ઘટના અંગે માલીના પરિવહન મંત્રાલયે જણાવ્યું હતું કે બાગો નદી પર આવેલા બ્રિજને પાર કરતા સમયે અકસ્માતની ઘટના બની હતી. આ અકસ્માતની ઘટના સાંજે ૫ વાગ્યે બની હતી. આ ઉપરાંત પરિવહન મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે અકસ્માત પાછળનું સંભવિત કારણ ડ્રાઈવરે બસ પરથી નિયંત્રણ ગુમાવી દીધુ હતું. ઉલ્લેખનીય છે કે માલીમાં અવારનવાર માર્ગ અકસ્માતની ઘટના બને છે. દેશના ઘણા રસ્તાઓ, હાઈવે અને વાહનોની હાલત ખરાબ છે.અગાઉ મહિનાની શરૂઆતમાં, મધ્ય માલીમાં રાજધાની બમાકો તરફ જતી બસ એક ટ્રક સાથે અથડાતાં ૧૫ લોકોના મોત થયા હતા જ્યારે ઘટનામાં ૪૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. બંને વાહનો વિરુદ્ધ દિશામાં જઈ રહ્યા હતા. સંયુક્ત રાષ્ટ્રના ૨૦૨૩ના આંકડા દર્શાવે છે કે વિશ્વમાં રોડ અકસ્માતમાં થતાં મૃત્યુમાં એક ચોથાઈ આફ્રિકામાં થાય છે.




# પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રણજીતસિંહ વાઘેલા સહિત ૧૫૦ કાર્યકર્તાઓ ભાજપામાં જોડાયા





ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ નવા કાર્યકર્તા જોડો અભિયાન અંતર્ગત પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રણજીતસિંહ વાઘેલા સહિત વિસ્તારના ૧૫૦થી વધુ કાર્યકર્તાઓ પ્રદેશ ભાજપા કાર્યાલય શ્રી કમલમ ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશના અગ્રણી પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં ભાજપનો ખેસ ગ્રહણ કરી વિધિવત ભાજપામાં જોડાયા હતાં. નવા કાર્યકર્તા જોડો અભિયાન અંતર્ગત શહેર સંગઠનના મંત્રી વાસુદેવ પટેલ, વોર્ડ પ્રમુખ સુરેશ પટેલ અને નગરસેવિકા છાયા ત્રિવેદીને ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપાઈ છે.

## જાપાનનું મૂન લેન્ડર બે સપ્તાહ બાદ ફરી એકવાર જીવંત થયું

ટોકયો,તા.૨૮

ચંદ્રની ધરતી પર પહોંચેલું જાપાનનું મૂન લેન્ડર બે સપ્તાહ બાદ ફરી એકવાર જીવંત થયું છે. ધરતી પર બેઠેલા વૈજ્ઞાનિકોએ મૂન લેન્ડરનો સંપર્ક કરવામાં સફળતા મેળવી છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે ગયા મહિને ચંદ્ર પર લેન્ડિંગ દરમિયાન તેમનું લેન્ડર ખોટી દિશામાં પડી ગયું હતું, જેના કારણે સંપર્ક નહોતો થઈ રહ્યો.

જાપાનની સ્પેસ એજન્સીએ જણાવ્યું છે કે જાપાનના મૂન લેન્ડરે ચંદ્રની રાતના બે અઠવાડિયા બાદ જાગીને આશ્ચર્ય સર્જી દીધું છે. માનવરહિત સ્માર્ટ લેન્ડર ફોર ઈન્વેસ્ટિગેટીંગ ધ મૂન ગત મહિને ખોટી દિશામાં પડી ગયું હતું, જેના કારણે તેની સૌર પેનલ વિરુદ્ધ દિશામાં આગળ વધી હતી. જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સીએ જણાવ્યું હતું કે સૂર્યનો કોણ બદલાતાં તે બે દિવસ માટે પુનઃજીવિત થયું છે.

વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે બે દિવસ બાદ જ્યારે ફરીથી અંધારું થશે ત્યારે તે ફરીથી સૂઈ જશે, કેમ કે આ મૂન લેન્ડરને ચંદ્રની આકરી રાત્રિ માટે નથી બનાવવામાં આવ્યું. જેએએકસએએ કહ્યું કે તેમને આશા નહોતી કે તેઓ ફરીથી લેન્ડરનો સંપર્ક કરી શકશે. જાપાનની સ્પેસ એજન્સીએ કહ્યું કે એસએસઆઈએમને આદેશ મોકલવામાં આવ્યો હતો, જેનો તેણે જવાબ આપ્યો.' એજન્સીએ ટ્વિટર પર તેના મૂન લેન્ડરની તસવીર પણ શેર કરી છે.

ગત મહિને મળેલ કેટલીક આંચકાઓ પછી જાપાનના અવકાશ કાર્યક્રમ માટે આ સિદ્ધિનો વિજય હતો, કારણ કે યુનાઈટેડ સ્ટેટ્સ, સોવિયેત યુનિયન, ચીન અને ભારત પછી જાપાન ચંદ્ર પર ×સોફ્ટ લેન્ડિંગ× હાંસલ કરનાર પાંચમો દેશ બન્યો હતો. જાપાની સ્પેસ એજન્સીએ કહ્યું કે સંપર્ક દરમિયાન મૂન લેન્ડરનું તાપમાન વધારે હતું, તેથી સંચાર બંધ કરવામાં આવ્યો હતો. હવે જ્યારે બધું સામાન્ય થઈ જશે ત્યારે મૂન લેન્ડરનો સંપર્ક કરવામાં આવશે.

## તંત્રી લેખ......

# ખેડૂત આંદોલનોનું બદલાતું વલણ

ખેતી-ખેતમજૂરીની સંસ્કૃતિવાળા આપણા દેશની વિટંબણા કહો કે બીજું કઈ, ગુલામ ભારતમાં બદહાલ રહેલી ખેતીને લઈને આઝાદ ભારતમાં પણ કોઈ ક્રાંતિકારી બદલાવ ન આવી શક્યો. રાજકારણનો ખેલ કહો કે શાસનની નિષ્ફળતા, તમામ ચૂંટણીઓમાં ખેડૂતોની સ્થિતિ મુદ્દો રહી. દરેક રાજકીય પક્ષ ખેડૂત, મજૂર અને ગરીબને જ મુદ્દો બનાવતો રહ્યો, પરંતુ આજે પણ સંપૂર્ણ ભારત ભૂમિને એવી ચમક હાંસલ ન થઈ શકી, જેવી ઔદ્યોગિક ક્રાંતિ બાદ માત્ર દોઢસો વર્ષોમાં જ યૂરોપે હાંસલ કરી લીધી. બેશક ભારત આજે દુનિયાની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બની ચૂક્યું છે અને ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ અગ્રેસર છે, પરંતુ આ આર્થિક વિકાસનો સમાનુપાતિક હિસ્સો ગરીબો, મજૂરો અને ખેડૂતોને નથી મળી શક્યો. હાલના ખેડૂત આંદોલનને જોતાં લાગે કે આપણી વ્યવસ્થાની નિષ્ફળતાથી પેદા થયેલું આ અસંતુલન છે. આપણો દેશ ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રનું મોટું હબ બનતો જાય છે, પરંતુ આંકડા અનુસાર ગ્રામીણ આબાદીના ૫૪ ટકા હિસ્સો માત્ર ખેતી-ખેતમજૂરી પર જ નિર્ભર છે. આપણો દેશ વિશાળ છે અને સ્થાનિક સ્તર પર લોકોની પોતપોતાની સમસ્યાઓ પણ છે.સ્વાધીન ભારતે જે બ્યૂરોક્રેસી અપનાવી છે, કેટલીય વાર તેની જડ માનસિકતાને કારણે પણ સ્થાનિક સ્તર પર સમસ્યાઓ પેદા થતી હોય છે. તેને કારણે સ્થાનિક સ્તર પર દરેક વખતે દેશના કોઈને કોઈ હિસ્સામાં ખેડૂત આંદોલનો થતાં રહે છે. પરંતુ હાલનાં વર્ષોમાં મોટા ખેડૂત આંદોલનો થયાં તેમાં મુખ્ય રૂપે ત્રણ-ચારનાં જ નામ ગણાવી શકાય છે. એંશીના દાયકામાં ભારતીય કિસાન યુનિયન નેતા મહેન્દ્રસિંહ ટિકૈતની આગેવાનીમાં થયેલ આંદોલન સૌથી વધુ ઉલ્લેખનીય રહ્યું છે. કદાચ આ પહેલો પ્રસંગ હતો, જ્યારે ખેડૂતોએ દિલ્હીના વોટ ક્લબને ઘેરી લીધી હતી. જ્યારે નરસિંહ રાવે ઉદારીકરણની નીતિઓ સ્વીકાર કરી, ભારત વિશ્વ વેપાર સંગઠનનું હિસ્સો બન્યું, ત્યારે શેતકરી સંગઠન જેવા ખેડૂત સંગઠનોના નેતૃત્વમાં ખેતીમાં વિદેશી હસ્તક્ષેપ અને ભારતીયતાની પરંપરાને ખતમ કરવાની આશંકાઓ વિરુદ્ધ પાછલી સદીના આખરી દાયકામાં લાંબું આંદોલન ચાલ્યું. હરિયાણામાં વીજળી બિલ માફ કરવાની માંગને લઈને થયેલ આંદોલનને પણ આ યાદીમાં જોડી શકાય છે. પરંતુ આ આંદોલનો ક્યારેય હિંસક નહોતાં રહ્યાં. જો ક્યારેક થોડી હિંસા પણ થઈ, તો તેના નિશાના પર સાર્વજનિક સ્થળો વગેરે જ રહ્યા.

# ચાણસ્માના ધિણોજ નજીક નદીમાંથી ચાલતુ ખનન પરમીટ થી ચાલે છે કે પછી ??



## સત્યકેતુ નામનો ખાણખનીજ વિભાગ નો અધિકારી કોણ??

**કેટલાક ઉપસ્થિત લોકો ગણગણાટ કરતા જોવા મળ્યા હતા કે અત્રે ચાલી રહેલા ખોદકામ દરમિયાન એક સત્યકેતુ જોષી નામનો ખાણખનીજ વિભાગ નો અધિકારી આવે છે ત્યારે આ બાબતે જો તપાસ કરવામાં આવે તો સત્યકેતુ જોષી નામનો વ્યક્તિ કોણ છે અને કયા ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવે છે કોણ છે તે જાણવા મળે. : નિખિલ જોષી : પાટણ જીલ્લા બ્યુરોચીફ**

ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામ નજીક આવેલ નદીના પટમાંથી ધોળા દિવસે કહેવાતા ગૌચરની જમીનમાં ભૂ માફીયાઓ દ્વારા બેરોકટોક સફેદ માટી નો કાળો કારોબાર કરી રહ્યા હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે ત્યારે ચાલતા ખનન બાબતે પરમીટ આપવામાં આવી છે કે નહીં અને જો પરમીટ આપવામાં આવી હોય તો તેની માપણી મુજબ ખનન કરવામાં આવી રહ્યું છે કે કેમ તે તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે એક બાજુ સરકાર દ્વારા ગૌચર બચાવવાની વાતો કરી રહી છે ત્યારે કેટલાક ભુ માફીયાઓ દ્વારા પોતાના અંગત સ્વાર્થ ખાતર ખુલ્લેઆમ ધોળા દિવસે ગૌચર ની જમીન ખોદી ને સરકારી તીજોરીને લાખ્ખો રૂપિયા નું નુકશાન કરી રહ્યા છે ત્યારે ખાણખનીજ વિભાગ દ્વારા પણ જાણે ભુ માફીયાઓ પર છુપા આશીર્વાદ હોય તેમ મુક પ્રેક્ષક તરીકે બધું નજર અંદાજ કરી ભુ માફીયાઓ ને છાવરવામાં આવતા હોય તેવા પણ આક્ષેપો થતાં હોય છે ત્યારે પાટણ જીલ્લા ના ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામ નજીક આવેલ નદીના પટમાંથી કેટલાક લોકો દ્વારા હાલમાં જે ફોરલાઈન હાઈવે બનાવવાની કામગીરી ચાલી રહી છે તેમાં વપરાતી માટી માટે ખોદકામ કરી રહ્યા છે પરંતુ પ્રશ્ન એ ચર્ચાય છે કે જે ખોદકામ માટે પરમીટ આપવામાં આવી છે તે જગ્યા પર નહીં પરંતુ ગૌચર જમીન પર ખોદકામ કરી રહ્યા હોવાનું કેટલાક સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું ત્યારે આ બાબતે ખાણખનીજ વિભાગ દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો ખબર પડે કે જે ખોદકામ થઈ રહ્યું છે તે ખરેખર કાયદેસર છે કે પછી ગેરકાયદે.

# સેકન્ડ હેન્ડ લગ્નમાં દહેજમાં નવું ફર્નિચર ક્યાંથી મળે?- રાજુ રદીનો મારફાડ સવાલ

'રાજુ ,લગ્ન એ શું છે?'મેં રાજુ રદીના ઘરે જઇને તેને પૂછયું. રાજુ રદી નાની ખાટલીમાં કુંભકર્ણની જેમ ઘોરતો હતો. તેના નસકોરા લુહારની ધમણની જેમ ચાલતા હતા. રાજુ રદી નસકોરા બોલાવવાના મામલે મેલ સ્વાઇત્ઝર સાથે ટક્કર લઇ શકે તેમ છે. બાય ધી વે મેલ સ્વાઇત્ઝર નસકોરા બોલવાના લીધે તેનું ઉદરપટલ મેમુ ટ્રેનની અપડાઉન કરતું હતું. મેં તેને હજબડાવ્યો! કુંભકર્ણ છ મહીને મહા પ્રયત્ને થતો હતો તેમ રાજુ રદી જાગ્યો.બાથરૂમમાં જઇ મોં ધોઇને આવ્યો.

'ગિરધરભાઇ,આઇ બેગ યોર પાર્ડન. તમે સવાલ પૂછ્યો ત્યારે હું નિંદ્રામાં હતો.તમે શું સવાલ કરેલ?' રાજુએ મને સામે સવાલ કર્યો. રાજુએ .મારા હાથમાં ચાનો કપ પકડાવ્યો .

'લગ્ન એ શું છે?'ચાનો ઘુંટડો લઇ મેં સવાલ પુનઃદોહરાવ્યો.

'ગિરધરભાઇ,લગ્ન એ દ્રાક્ષ છે. મારી જેવા દ્રાક્ષ ખાવા કૂદકા મારે છે, પરંતુ,દ્રાક્ષ મળતી નથી. જો કે હુ નિરાશ થયેલ નથી. હુ દ્રાક્ષને ખાટી માનતો નથી. મારા માટે દ્રાક્ષ હજુપણ મીઠીમધ છે. જ્યારે દ્રાક્ષ મળશે ત્યારે લિજ્જતથી આરોગીશ!' રાજુ રદીએ પુરાણી અને પ્રચલિત માન્યતાનું ખંડન કર્યુ .

' રાજુ,લગ્ન એ આમલી જેવા છે. આમલી જોઇને સૌ ખાવા લલચાઇ જાય. આમલી ખાઇને દાંત અંબાઉ-ખાટાખસ થઇ જાય છે. જો કે કેટલાકને લગ્ન રૂપી ગોરસ આમલી જેવા લાગે છે. આંબલી હોય તો ખાટી હોય કે મોળી એની સાથે આપણે શી નિસ્બત!' મેં રાજુને સઉદાહરણ લગ્નની સંકલ્પના સમજાવી .

'ગિરધરભાઇ,લગ્ન એ અને સેલ છે. બંનેને લગભગ બારમાસી કહી શકાય.ચોમાસામાં વરસાદ પડે કે ન પડે. પરંતુ,સેલ, મહાસેલ, બિગ ડિસ્કાઉન્ટ સેલના વાદળાઓ મહિલાઓને પલાળતા રહે છે. પછી ભલે ગોરધનોના ખિસ્સા તલવારની ધારે કપાતા હોય!સામાન્ય રીતે સેલનો સમય સવારના દસથી રાતના દસ હોય છે.છતાં મહિલાઓને ચાંદલા, બોરીયા, બકલ રબ્બર હેન્ડ , હેરપિન, લિંગરી, ઇનરવેર, ટયુબટોપ, કુર્તી, પલાજા , લેગિન્સ, જેગિન ,ગાઉન, વનપીસ જાણે કેટકેટલી વસ્તુનું શોપિંગ કરવાનું હોય?આટલા ,ટુંકા સમયમાં આઇટમની પસંદગી કરવી મુશ્કેલ હી નહી પણ નામુમકીન ગણાય!અઠ્ઠોતેર કુર્તીની ટ્રાયલ લેવી, નેવું પલાજોના રંગના શેડ, ટોપના ૧૧૩ મા દોરાના કલર સાથે મેચિંગ કરવું ,બોડી ટોન સાથે મેચ કરવું વગેરે મેરેથોન રેસથી કમ નથી. તમે ઇન્ટેલિજન્ટ હોઉં તો મને મહોતરમાઓ માફ કરજો. જે ઇન્ટેલિજન્ટ હોય એ સેલના રવાડે કે ચક્કરમાં ફસાય ખરી?તમે સ્વપુરૂશાર્થે આઇપીએસ કે આઇએએસ થઇ શકો .જો કે, લિપસ્ટિકના ડાર્ક લાઇટના અઢારસો શેડમાંથી એક શેડ દસ કલાકમાં સિલેકટ કરી શકો તો મને ફટ રહેજો! બોસ, ફિમેઇલના હોઠ ઓલરેડી સૌંદર્યનો ભંડાર હોય તેને ટોકસિક, આર્ટિફિશિયલ, હાનિકારક લિપસ્ટિક લગાડી ચંદ્રમાં ડાઘ લગાડવાની શી જરૂર છે?ચંદ્રને ધૂળમાં રગદોળવા જેવું લાગે છે!આ તો એક વાત થાય છે!લગ્નનું પણ એવું છે. હવે તો ધનારક, મિનારક, કમૂરતાનો કળકળતો ખીચડામાં પણ લગ્નના ઢોલ ઢબૂકે છે. ઇવન સિંહસ્થ વરસમાં લગ્ન ન થઇ શકે તેમ વિપ્રોએ માર્ગદર્શન કરેલ અને એ વરસમાં અન્ય વરસની સરખામણીએ મેકસીમમ મેરેજ થયેલ! લગ્ન અને સેલ બંનેમાં નાણા કોથળી જોઇએ. બંનેમાં ભીડ જોઇએ!સેલ બધાને ફળતું નથી. લગ્ન પણ કયાં બધાને ફળે છે?સોક્રેટિસ જેવાને ઝેન્થિપી જેવી કર્કશા અને કુબ્જા મળી હતી. ભતૃહરિને પીંગળા જેવી રાણી મળી હતી!સેલમાં ક્યારેક ડિફેકટિવ, ક્યારેક ઓવરસાંઇઝ, ક્યારેક અંડરસાઇઝ કપડા ભટકાડી દેવામાં આવે છે. ઘણીવાર ખરીદેલ વસ્તનું એકસચેન્જ કરતા નથી કે માલ રિટર્ન કરતા નથી કે પૈસાનું રીફંડ થતું નથી. લગ્નમાં એકસચેન્જ, રિટર્ન કે રીફંડની ક્યારેય જોગવાઇ નથી!'રાજુએ લગ્ન અને સેલનું સામ્ય સમજાવ્યું.

' રાજુ,લગ્નમાં સેલ જેવી સ્કિમ હોતી નથી. સેલમાં એકની ખરીદી પર એક ફ્રી મળે છે. ઉટી હવાઇમથક વિસ્સાતાગમાં હોમ મેઇડ લિકરની એક બોટલની ખરીદી પર સાત સાત બોટલ ફ્રી મળે છે. પછી જગજીતસિંહ જેમ ગાવું પડે,' ઠુકરાઓ કે અબ પ્યાર કરો, મૈં નશે મેં હૂ.,જો ભી મેરે યાર કરો, મૈં નશે મેં હૂ હૂં હૂં હોં હોં! મેં લગ્ન સેલનો વિરોધાભાસ દર્શાવ્યો.

'ગિરધરભાઇ ,લગ્નમાં પણ ફર્સ્ટ હેન્ડ, લેકન્ડહેન્ડ, પ્રિયુઝડ, ગ્રે માર્કેટ, ડી સ્કાઉન્ટ સ્કિમ અમલમાં રહે છે. કેટલીક કંપનીઓ બારે માસ ડિફેકટિવ પીસનું સેલ રાખે છે. માનો કે કંપનીએ નવોનકોર માલસામાન બનાવવાના બદલે ડિફેકટિવ માલ બનાવવાની મહારત હાંસલ કરી ન હોય!સારો છોકરો કે સારી છોકરીની શોધમાં અમુકતમુક વરસો પસાર થયા પછી લગ્ન બજારમાં રિજેકટેડ, ડિફેકટિવ કન્યા કે વર જે વધ્યું ઘટ્યું હોય એને પસંદ કરવું પડે.આમાં હાથને બદલે માથામાં મેંદી લગાવનાર, કેસલેસ(અરે ભાઇ ગંજા ,ટાલિયા મળે. ટાલિયા નર સદા સુખી એમ કહેવાય છે. અમારા મિત્રને નાનપણથી માથું સફાચટ હતું..એ ભાઇ વીગને આશરે હતા.એ ભાઇએ વીગ પહેરે છે એ વાત વાગ્દતાથી છુપાવી હતી. લગ્નની સુહાગરાતે નવોઢા પતિના વીગ વગરના મસ્તિકના દર્શન કરતાં કરતાં જ છળી મરેલી.એ દિવસથી ટાલગાંઠ પડી ગયેલી તે મરણપર્યંત છૂટી ન પડી!) ,ટીથલેસ મૂરતિયા મળે !'' રાજુએ પૂરક માહિતી રજૂ કરી.

'' રાજુ લગ્નમાં દહેજ કે કરિયાવરની લેતીદેતી અનિવાર્ય અનિષ્ટ છે. આઇએસ અગર આઇપીએસ જેવી પ્રાઇમ સ્ક્રિપ્ટ હોય એટલે મનચાહ્યું દહેજ મળે. કેટલાક બેવકૂફો કંકુ-કન્યા માટે દુરાગ્રહ રાખે! બાકી તો સૌ દહેજગંગામાં ડૂબકી લગાવે!દહેજગંગાનું આચમન કરે, પગ પ્રક્ષાલન કરે! લગ્નની ચોરીમાં નિયત કરેલ શિડયુલ ઓફ ડાઉરી રેટે દહેજ લેવા ઉપરાંત લકઝુરિયસ કાર કે પ્લેનની માંગણી કરે. સામેના લોકો નાદાર થવા અરજી કરે એટલે જાન લીલા તોરણે પાછી જાય!લગ્ન પછી પણ દહેજ લાલચુઓની અસહ્ય માંગણીના ત્રાસથી કંટાળીને યુવતી મોત મલકે મલકે મીઠું મીઠું કરે છે!'' મેં દહેજની વિષમ અને સ્ફોટક સ્થિતિની વ્યથાકથા કહી!!

'ગિરધરભાઇ,દહેજની લેતી દેતીને ફ્રેશલગ્ન કે પુનલગ્ન જેવો એવો ફરક પડે ખરો? નવા લગ્નમાં દહેજમાં બધી નવી વસ્તુ અને નાતરા, ઘરઘરણા કે મારી હેલ ઉતારનારને ઓછું દહેજ અને પ્રિયુઝડ કે સેકન્ડહેન્ડ વસ્તુ દહેજમાં મળે ? 'રાજુએ દહેજસંબંધિત સળગતા સવાલને લાઇવ કાકડો ફેંકયો.

'રાજુ ,તાજેતરમાં એક બનાવ બની ગયો.હૈદરાબાદમાં એક લગ્ન યોજાયેલ. લગ્નની તારીખે સાજનમાજન સજીધજીને મંડપે પહોંચ્યા . શરણાઈ ,ઢોલ,ત્રાંસા બાજયા. ભાવતા નાસ્તા -ભોજન પિરસાયા. કન્યા ચોરીમાં આવી. વરરાજા પ્રગટ ન થયા. નવોઢાના બાપને ફાળ પડી. વરરાજાને કંઇ વાતમાં વાંકું પડયું હશે?કોઇએ વરને ફોન કરી પરણવા ક્યારે આવો છો એમ પૂછયું.વરરાજાએ તાસની બ્લાઇન્ડ ગેમના પતા ઓપન કરતા હોય તેમ વટાણા વેરી નાંખ્યા!! વરરાજાને કન્યાના પિતાએ બળતું ઘર કૃષ્ણાર્પણ ન્યાયે દહેજમાં જૂનું ફર્નિચર ફટકાર્યુ. (સુ) વર નારાજ થયા. લગ્ન ન કરવા આવ્યા. કન્યાના બાપની ફજેતી કરી. સીનનો કલાઇમેકસ એ છે કે વર અને કન્યાના બીજા લગ્ન હતા.'' મે કહ્યું.

રાજુ રદી ઓછા લાકડે કયાં બળે એવો છે? રાજુ રદી કહે છે ,'બીજા એટલે સેકન્ડ હેન્ડ લગ્નમાં દહેજમાં સેકન્ડ હેન્ડ ફર્નિચર ન મળે તો શું મળે?દહેજમાં નવું ફર્નિચર મેળવવું હોય તો નવા અને પહેલી વારના લગ્ન કરવા પડે!

સાલ્લું ,રાજુ રદીની વાતમાં પહેલીવાર સોલીડ રિઝનીગ અને દમખમ છે!!માન ગયે ઉસ્તાદ રાજુ રદી કો!

ભરત વૈષ્ણવ

# કોલંબિયા ૩૧૬ વર્ષ પહેલા ડૂબેલા જહાજમાં ૨૦ અબજ ડોલરનો ખજાનો શોધશે

ન્યૂયોર્ક,૨૮

કોલોનિયલ કાળમાં કેરેબિયાઇ સમુદ્રમાં ડુબેલા જહાજનો ખજાનો શોધવા મો કોલંબિયાની સરકારે તડામાર તૈયારીઓ શરુ કરી છે. ૩૧૬ વર્ષ પહેલા ઈસ ૧૭૦૮માં સ્પેનનું સેન જોસ નામનું એક જહાજ દરિયામાં ડૂબ્યું ત્યારે ૨૦ અબજ ડોલરની કિંમતનો ખજાનો હતો. જેમાં સોના,ચાંદી અને મોતીનો સમાવેશ થતો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર કોલંબિયાની સરકાર ખજાનો શોધવા પ્રયાસ કર રહી છે ત્યારે બોલિવિયા અને સ્પેન સરકાર પણ ખજાના પર દાવો કર્યો



છે.કોલંબિયાની સરકાર ખજાનાની શોધ માટે એક ટીમ મોકલી રહી છે ત્યારે જો સફળતા મળશે તો અત્યાર સુધીમાં દરિયામાંથી મળેલો સૌથી મોટી કિંમતનો ખજાનો હશે. સ્પેનના ઐતિહાસિક લખાણોમાં મળતા ઉલ્લેખ મુજબ દક્ષિણ અમેરિકામાં સ્પેનિશ કોલોનિયલમાંથી જહાજ ખજાનો લઈને જઇ રહયું હતું. જેમાં સોના સહિતની કિંમતી ધાતુઓથી ભરેલી અનેક પેટીઓ હતી. જહાજ સ્પેનના રાજા ફિલિપ પંચમના દરબારમાં જઇ રહયું હતું ત્યારે કાર્ટાજિના પાસેના બારુ દ્રીપમાં થયેલી લડાઇ દરમિયાન ડૂબી ગયું હતું.કેટલાક ઈતિહાસકારોનું માનવું છે કે સ્પેનનું જહાજ બ્રિટિશ જહાજાના ખલાસીઓ સાથેની ટક્કર દરમિયાન પાણીમાં ગરકાવ થયું હતું. લડાઈમાં ૫૦૦થી વધુના મુત્યુ થયા હતા. દાયકાઓ પછી વર્ષ ૨૦૧૫માં ઓશનોગ્રાફિક ઈન્સ્ટિટયૂશને ડૂબેલા જહાજ અંગે પુરાવા આપ્યા હતા પરંતુ ખજાના અંગે કોઈ જ પ્રયાસ થયો ન હતો.

## 'ગેરહાજરીમાં હાજરી વરતાઈ એ મારું અહોભાગ્ય.'

સ્નેહ સંમેલનમાં ઉડીને આવવાનું મન હતું. શક્ય ન બન્યું એ બદલ દિલગીરી અનુભવું છું. સ્નેહ સંમેલન, મેળાવડા, જાત જાતબા પ્રસંગ ઉજવવા?માં આનંદ મળતો હોય છે. વિચારોની આપ લે કરી શકાય. નવી વાત જાણવા મળે. સમાજમાં ચાલતી પ્રવૃત્તિથી પરિચિત થવાય. દુનિયામાં શું ચાલી રહ્યું છે તેના વિશે વિચાર વિનિમય થાય. આપણે તેમાં કઈ રીતે ફાળો નોંધાવી શકીએ તેની જાણ થાય. રોજીંદી ઘટમાળમાં કશું વિશેષ ઉમેરાય. પરિવર્તન કુદરતનો નિયમ છે.

યાદ રાખવું જરુરી છે, સ્નેહસંમેલન મુખ્ય ભાગ લેનારના કાર્ય બિરદાવવા માટે યોજાય છે. યોગ્ય વ્યક્તિઓને પુરસ્કાર મળે છે. તેમનામાં ઉમંગનું સિંચન થાય છે. કાર્ય કરી વધુ સિદ્ધી મેળવવા પ્રયાસ કરે છે. તેમાં લાગવગ કામ ન કરે તેનો ખ્યાલ રાખવો આવશ્યક છે. ઉગતા કલાકારોને પ્રોત્સાહન સાંપડે છે. મુખ્ય અતિથિ પદ શોભાવનાર કાર્યક્રમનો બોજો હળવો કરવામાં ?પોતાનો ફાળો નોંધાવે છે.

ટુંકમાં કહું તો આવા મેળાવડા અને સ્નેહ સંમેલન સમાજમાં આવકાર્ય છે. તેના કાર્યકર્તાઓ પોતાનું દિલ, મન અને ખિસું ઢીલું રાખે છે. તેમની કદર કરવી આપણો ધર્મ બને છે. નહી કે 'ટીકા" !

જો સંમેલનમાં હાજરી ન પુરાવી શક્યા હોઈએ તો ,સ્નેહ સંમેલનનું ભવ્ય આયોજન તેનો શબ્દસઃ અહેવાલ વાંચી પ્રસન્નતા અનુભવી શકાય. દરેક ભાગલેનાર વ્યક્તિનો સાથ સહકાર સાંપડે તો આનંદ બેવડાય.

એવા એક સમારંભમાં જઈ શકી ન હતી. સવારથી આવનાર મહેમાનોનું આતિથ્ય ખૂબ સુંદર રીતે કર્યું. સવારની ચાથી માંડી રાતના સમયે વિદાય થાય તે બધું પ્રસંશાને પાત્ર છે.

સ્નેહ સંમેલનનું તાત્પર્ય સ્નેહ પૂર્વકનું સુભગ મિલન, નવી કૃતિ અને નવા લોકોનો પરિચય. વાત પરથી એમ લાગે કે જાણે બધા ઘણા વખતથી પરિચિત હોય. સ્નેહ સંમેલન દરમિયાન દરેક ભાગ લેનાર વ્યક્તિની કૃતિની રજૂઆત મન મોહી લે તેવી હતી.

સ્નેહ સંમેલનમાં પોષાક સહુનો અનુરૂપ હતો. વિડિયો ક્લિપ દ્વારા સહુને જોયા તેમજ માણ્યા. હાજર ન રહી શકી તેનો અફસોસ થયો. સહુના દિલની ઉદારતા અને મુખ પરના ભાવ દર્શાવે છે કે , આનંદ મંગલ અવસર હોય'.
કોઈ પણ જાતનું સ્નેહ સંમેલન હો એ તનતોડ માંગી લે છે. જેના આયોજકો સમય તેમજ પૈસા પાણીની માફક ખર્ચે છે. વળતરમાં માત્ર બે શબ્દ સારા બોલી તેમનો ઉત્સાહ વધારવો આવશ્યક છે. બાકી કામ ન કરનાર અને સંમેલનમાં મોડા આવનાર તેની નિરાંતે ખોડ ખાંપણ કાઢે છે.

આ જગમાં કામ કરનારને ક્યારેય જશ મળતો નથી એ જગજાહેર છે. 'ગીતા'માં કૃષ્ણ પોકારીને કહે છે,' કર્મ કર ફળની આશા ન રાખ'.

આ સત્ય પચાવવું કઠિન છે. સુખી થવાનો એક જ સરળ ઉપાય છે. બાકી જગ પાસેથી આશા રાખશો તો ટોપલો ભરી નિરાશા મળશે ! તેમાં શંકાને સ્થાન નથી.

'તું તારું કાર્ય કર, ભલાઈ કર,સ્વાર્થ તજી દે જો સુખી થવું હોય તો !'

સમારંભમાં ગેરહાજર હો તો અફસોસ જરુર થવાનો. સહુ પ્રસંગ શાનદાર ઉજવે તેવી અભિલાષા. સમારંભ પછી કુટુંબનો હોય, મિત્રો સાથેનો મેળાપ હોય કે સાહિત્ય કાજે હોય..સફળ થયો ત્યારે કહેવાય, જ્યારે આવનાર દરેક વ્યક્તિ પોતાની સભ્યતા જાળવે. ખામી સામે આંખ મીંચામણા કરી તેની ઉજ્જવલ બાજુનું અવલોકન કરે.

કદાચ આ અપેક્ષા વધુ લાગે તો ક્ષમા યાચું છું. આજના શિક્ષિત, સભ્ય અને સાધન સંપન્ન વ્યક્તિઓ પાસે વધુ શું આશા રાખવી ?

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક




***NOG SS NO : 219***
★પ્રકારઃ- ઊર્મિકાવ્ય★
★શીર્ષકઃ- જીવનસાથીને સથવારે પાનખરની પીડા...★

રચનાઃ-

પાનખર પાંખ ફરતી ઉડે છે આકાશમાં,
પર તેને કોઈ સાથી મળે છે નહિં;
તેને કોઈ સમજે છે નહિં, તેને કોઈ સાંભળે છે નહિં,
તેની આંખોમાં એકલતાની જવાળા જળે છે.

તેને કોઈ મનોરંજન મળે છે નહિં,
તેને કોઈ પ્રેમ મળે છે નહિં;
તેને કોઈ આશા મળે છે નહિં, તેને કોઈ આનંદ મળે છે નહિં,
તેની જિંદગીમાં ફકત શૂન્યતા ભરે છે.

પર તે હારે છે નહિં, તે લડે છે જીવનસાથે;
તે સ્વતંત્ર છે, તે સાહસી છે, તે નિર્ભય છે;
તે પાનખર છે, તે પરિંદોનો રાજા છે,
તેની પીડા તેની શકિત છે, તેની પીડા તેની કવિતા છે.

પાનખર પાંખ ફરતી ઉડે છે આકાશમાં,
જીવનસાથીને સથવારે પાનખરની પીડા.

- નયના જે. સોલંકી ' આંખો ' સુરત.

---

**NOG SS NO 166**
વિષયઃ- "પાનખર"
શિર્ષક :- " પાનખરની વેદના "
પ્રકાર :- પદ્ય. શબ્દો :- ૮૩
નામઃ-ધનજીભાઈ ગઢીયા " મુરલી" (જુનાગઢ)

પ્રેમની વસંતને માણી રહ્યો હતો હું,
અચાનક તું મુજને છોડી ચાલી ગઈ,
વિરહની વેદનામાં તડપાવીને મુજને,
જીવન મારૂં પાનખર બનાવતી ગઈ.

તારા પ્રેમની મહેંક પ્રસરી છે મનમાં,
તારી યાદ મારા દિલને તડપાવી ગઈ,
ખીલેલી વસંતમાં એકલો મુકી મુજને,
જીવન મારૂં પાનખર બનાવતી ગઈ.

મધુર સપના સજાવ્યા હતાં પ્રેમનાં,
સપના મારા વેરણ બનાવતી ગઈ,
અશ્રુંઓની માળા પહેરાવીને મુજને,
જીવન મારૂં પાનખર બનાવતી ગઈ.

તસ્વીર તારી મેં વસાવી હતી દિલમાં,
તું નફરતની આગમાં લપટાવી ગઈ,
"મુરલી" પ્રેમ જાળમાં ફસાવીને મુજને,
જીવન મારૂં પાનખર બનાવતી ગઈ.

---

**NOGSSNO : 161**
વિષય :પાનખર
શિર્ષક : એક પર્ણ
પ્રકાર : પદ્ય- શબ્દો : ૧૭૨
લેખન : ગ્રીષ્મા પંડ્યા

તરુથી વિખૂટું પડેલું એક પર્ણ
પવનનાં હિંડોળે હિંચતુ'તુ એક પર્ણ
અહીંતહીં ઊડતું અથડાતુ
નથી એનો કોઈ ઉદ્દેશ કાંઈ
નથી એનો કોઈ આશય કાંઈ
આમતેમ બસ રઝળપાટ કરતું

એક દિ' નદીકિનારે જઈ ચડ્યું!
જોઈ તરુવરની હારમાળમા
પર્ણનુ મન વળ્યું વિષાદમાં
'એક દિ' હું પણ હતું બધાં પર્ણોની સંગમાં
એક દિ'હુ પણ હતું બધી ડાળીઓની સંગમાં
શોભા વધારતું ને ફરફર મહાલતુ
પુષ્પોની સંગ હું તો આમતેમ ડોલતું
ચકલી ને બુલબુલના બાળ પણ ચુમતુ
પાંખોના ફફડાટ ને ચાંચોના ચહચહાટ
હજીયે મારા કર્ણોમાં ગુંજે છે કિલકિલાટ.'

આમ ને આમ પર્ણનું મન ચઢ્યું ચકડોળે
ત્યાં તો એક પંખી આવી ચઢ્યું એની સંગે
લઈ પર્ણને એની ચાંચમાં ને મૂક્યું એના માળામાં
ફરીથી જાણે એ ચઢ્યું છેક સ્વર્ગમાં
આનંદ ઉલ્લાસનો પાર ના રહ્યો એને
એ જ પૂર્વના દિવસો ફરીથી તાજાં થયાં જાણે!

એ જ પુષ્પ ને એજ પર્ણમિત્રો
એ જ એ જ ચકલી ને એ જ બુલબુલ
ચિરપરિચિત સૌની સંગાથે
'હવે જાળવીને રહેવું છે મારે'
પ્રાર્થી રહ્યું મનોમન પ્રભુને કે
ફરી કદી ના લાવીશ આ પાનખરને!!
ફરી કદી ના લાવીશ આ પાનખરને!!

---

***NOG SS No.167***
★વિષયઃ-"પાનખર"★
★શિર્ષક;-પાનખરમાં પાંદડાની વ્યથા★
★પ્રકારઃ- પદ્ય - શબ્દઃ-૭૨★
★નામઃ- નરેન્દ્ર ત્રિવેદી★

પાનખર
પાનખરમાં પાંદડું ખરી પડ્યું
અને પછી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યું
હતી ફરિયાદ તેને વૃક્ષ સામે
તે ઉભું અને હું કેમ ખરી પડ્યું

થયા એકઠા ત્યાં પડેલા સુક્કા પાંદડા બધાં
કેંક બહુ સુક્કા, કેંક થોડા લીલા, કેંક પીળા હતા
વૃક્ષ સાથે વાત કરીશું, પણ આ વાયરાનું શું કરીશું
વાતો વાતોમાં ચડી ગયા વાયરા ને વંટોળે
પડી ગયા વિખરાઇ ને અહીં તહીં
અન્ય કોઈ વૃક્ષની છાયા તળે

વૃક્ષ બોલ્યું રુદન શાને નિયતિ છે બધાંની
તું નાનું સમય થોડો, હું મોટું સમય લાંબો
કુંપળથી યાત્રા શરૂ થઈ પાંદડા સુધીની
સુક્કા થઈ અંતે તો યાત્રા ધરા સુધીની

પાનખરમાં પાંદડું ખરી પડ્યું.
અને પછી ધુસ્કે ધ્રુસકે રડી પડ્યું.

---

**NOGSSNO:158**
વિષયઃ પાનખર
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ ઝૂલતી ડાળ ખરતા પાન

પાનખર ઝીલે વસંતની મજા માણે,
સુખ દુઃખને તડકો છાંયો આવે.!

પાનખર એક ઘટના બારેમાસ વસંત ન હોય,
અનંતનો પણ અંત હોય અનંત કંઈપણ ન હોય.!

સૂર્ય ઉગેને અસ્ત થાય હોય ઋતુ પરિવર્તન,
જીવન મરણ આધી વ્યાધિ કુદરતી ઘટનાક્રમ.!

લાગણીઓ હોય લીલીછમ પાનખરે પરખતા,
વૃક્ષપત્તા રડતાં જુદાઈનો ડંખ સહેતા.!

જિંદગી એક મોહમાયા સાથ છોડે પડછાયા,
મૃત્યુ જ સત્ય નથી રે'વાના રોનારા.!

જેને પામવા દોડવું પડે અંતે એને જ છોડવું પડે,
ઘણું મેળવ્યું ભેગું કરવા દોડે જીવનભર કમર તોડે.!

જેવું કરો તેવું પામો જેવી કરણી તેવી ભરણી,
કર્મ બંધન છે સાર કર્મની ગતિ છે ન્યારી.!

'પ્રેમ' ઝૂલતી ડાળ ખરતા પાન મનમાં કૂંપળ હસે,
ખબર નથી એક દિવસ એ ખરતા પાન થશે.!
પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર.

---

**NOG SS NO,-162**
વિષય - પાનખર
પ્રકાર - ખરતા પર્ણ
નામ- ??. રેખા નાકરાણી
નવી મુંબઈ .??

"મંદ મંદ લહેરાતા વાયરાના વીજણા સુકા પર્ણ ને ફર ફર ફંગોળતાપ

ખરી પડ્યું છે પાંદડું પાનખરમાં
કરવી ફરિયાદ વૃક્ષ તને અડીખમ જો ઉભુપ

વિસ્તરે ક્યાંક લીલુ છમવન
નવલી પ્રભાત ધરણી સંગ આવી છે પાનખરપ

વસંતનો વૈભવ આંગણે આવ્યો
વહેલી પ્રભાતે મીઠી ટહુકતી
કોયલપ

ખીલ ખીલ હસતી કંદરાઓ
ઝૂલતી લતા વાયરાની સંગ કરતી વાતોપ

ખીલતી કળીઓ આનંદના અવસરે વગડે વહાલુ તમરાનું સંગીતપ

ખરી પડ્યા છે પાંદડા પાનખરમા
કરવી ફરિયાદ ઉભા વૃક્ષને તુ તો
ઉભુ અડીખમપ

---

**NGOSS No 209**
વિષય : પાનખર
શિર્ષક : અન્યોન્ય
પ્રકાર : પદ્ય
શબ્દઃ ૧૧૯
લેખિકા : સુધા જે. પુરોહિત

પાનખર આવી વસંતનાં વધામણાં લાવી
પાનખર બિચારી ઉદાસ મારો શું છે વાંક
હું વસંતની મોટીબેન પણ ન વધાવે કોઈ
વસંત માટે હું સહુ માર પીડા ન જાણે કોઈ

રાત વગર દિવસ અધૂરો દિવસ વિનાં રાત
ન હોય પાનખર વસંત ન હોય કિંમત તારી
પાનખર પૂરે ચેતન પ્રકૃતિ ખીલે કરે શૃંગાર
પરસ્પરનો સ્નેહ છે એકવિના બીજુ અધૂરૂ

કર કદર સૌની હોય પાનખર કે હોય વસંત
સમયનાં હોય માન અંહીયા ન કર અફસોસ
'સુધા' સમજાવતી પાનખરને વાત આ સમજ
ન હોય આંસું ન હોય કદર હાસ્યની તું સમજ

સમજી પાનખર સમજી મહત્વ પોતાની જાતનું
છે પાનખર તો છે વસંત પ્રકૃતિ બની ચેતનવંતી
જગમાં સરખું મહત્વ ન કોઈ ઉંચ ન કોઈ નીચ
વધાવો પાનખર રહે હક્ક વસંત વધામણાનો

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૬૩ અને ચાંદીમાં રૂ.૨૪૫ની નરમાઈ: ક્રૂડ તેલમાં રૂ.૨૮નો ઘટાડો

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે રૂ.૨૨,૮૩૩.૬૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૭૨૫.૮૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૬૧૦૩.૨૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૨૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૨૫૮ અને નીચામાં રૂ.૬૨,૦૭૭ના મથાળે અથડાઈ, રૂ.૧૬૩ ઘટી રૂ.૬૨,૧૩૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૯ ઘટી રૂ.૪૯,૯૫૮ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮ ઘટી રૂ.૬,૧૧૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯ ઘટી રૂ.૬૧,૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૮,૭૭૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૧૨૧ અને નીચામાં રૂ.૬૮,૫૭૬ના મથાળે અથડાઈ, રૂ.૨૪૫ ઘટી રૂ.૬૮,૮૪૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૧૭ ઘટી રૂ.૬૮,૮૦૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૨૬ ઘટી રૂ.૬૮,૭૫૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ ફેબ્રુઆરી વાયદો રૂ.૭૨૪.૪૫ના ભાવે ખૂલી, રૂ.૦.૬૦ ઘટી રૂ.૭૨૨.૯૦ જ્યારે એલ્યુમિનિયમ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૫ વધી રૂ.૧૯૯.૮૫ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૫ વધી રૂ.૧૭૭ના ભાવ થયા હતા. જસત ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫.૧૫ ઘટી રૂ.૨૧૨ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૯૮.૭૦ સીસુ-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ વધી રૂ.૧૭૭.૫૦ જસત-મિની માર્ચ વાયદો રૂ.૩.૦૫ ઘટી રૂ.૨૧૨ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૫૦૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૨૧ અને નીચામાં રૂ.૬,૪૫૬ના મથાળે અથડાઈ, રૂ.૨૮ ઘટી રૂ.૬,૪૮૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૨૩ ઘટી રૂ.૬,૪૮૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫૧ના ભાવે ખૂલી, રૂ.૦.૮૦ ઘટી રૂ.૧૫૦.૪૦ અને નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો ૦.૮ ઘટી ૧૫૦.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૫૦૦ અને નીચામાં રૂ.૬૨,૭૨૦ના મથાળે અથડાઈ, રૂ.૧,૧૦૦ વધી રૂ.૬૨,૭૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ વધી રૂ.૯૧૯.૧૦ બોલાયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૫૭૨.૩૬ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૬૪૬.૧૨ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૨૯૧.૨૫ કરોડનાં ૯,૩૧૭ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૪૯૧.૯૧ કરોડનાં ૩૫,૦૯૩ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૪૯.૨૩ કરોડનાં ૮૩૬ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૨.૨૬ કરોડનાં ૮૧૬ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૨૬૩.૩૪ કરોડનાં ૧,૪૫૪ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૯૯.૫૬ કરોડનાં ૫,૦૭૩ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪૮.૨૮ કરોડનાં ૧૫૭ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૩.૦૬ કરોડનાં ૯૨ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૪.૫૩ કરોડનાં ૫૭ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૩૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૯૦૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૯૩૯ અને નીચામાં ૧૫,૮૮૦ બોલાઈ, ૫૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૯ પોઈન્ટ ઘટી ૧૫,૮૯૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૬૧૦૩.૨૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૬ અને નીચામાં રૂ.૧૫૦.૭૦ના મથાળે અથડાઈ, રૂ.૧૭.૩૦ ઘટી રૂ.૧૬૪.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૫૦ અને નીચામાં રૂ.૧૦.૦૫ રહી, અંતે રૂ.૦.૬૦ ઘટી રૂ.૧૦.૪૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૧૦ અને નીચામાં રૂ.૨૬૪ના મથાળે અથડાઈ, રૂ.૩૭.૫૦ ઘટી રૂ.૨૮૯ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૭૩૦ અને નીચામાં રૂ.૬૧૫ રહી, અંતે રૂ.૪૭.૫૦ ઘટી રૂ.૬૬૦ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૪૦ના ભાવે ખૂલી, રૂ.૭૮ ઘટી રૂ.૧,૩૦૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૨૦ના ભાવે ખૂલી, રૂ.૧૦૫.૫૦ ઘટી રૂ.૧,૩૧૫ થયો હતો. તાંબુ માર્ચ રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૬૭ ઘટી રૂ.૨ જસત માર્ચ રૂ.૨૦૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૫ ઘટી રૂ.૯.૩૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૬.૭૦ અને નીચામાં રૂ.૧૬૩ના મથાળે અથડાઈ, રૂ.૧૨.૫૦ વધી રૂ.૧૮૧.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૦.૮૫ અને નીચામાં રૂ.૯.૫૦ રહી, અંતે રૂ.૦.૬૫ વધી રૂ.૧૦.૩૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૩૭.૫૦ અને નીચામાં રૂ.૪૫૦ના મથાળે અથડાઈ, રૂ.૭૮.૫૦ વધી રૂ.૫૦૭ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૯ અને નીચામાં રૂ.૫૭.૫૦ રહી, અંતે રૂ.૧૯ વધી રૂ.૭૧ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૪૯ના ભાવે ખૂલી, રૂ.૨૫૧ વધી રૂ.૧,૪૨૨ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૦૫ના ભાવે ખૂલી, રૂ.૨૨૫.૫૦ વધી રૂ.૧,૩૪૬ થયો હતો. તાંબુ માર્ચ રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ વધી રૂ.૬.૬૦ થયો હતો.

# કંપનીઓમાં ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારીના ઠરાવનું પાલન થતું ના હોવાના મુદ્દા પર આપ નેતા પ્રવીણ રામની પ્રતિક્રિયા



**ખાનગી કંપનીઓમાં ભાજપને સ્થાનિક રોજગારીમાં રસ નથી પરંતુ પોતાના નેતાને કોન્ટ્રાક્ટ અને ચૂંટનીફંડ લેવામાં જ રસ છે એવો આક્ષેપ આપ નેતા પ્રવીણ રામે કર્યો**

**★વિધાનસભામાં સરકારે જ સ્વીકાર્યું કે મોટા ભાગની કંપનીઓમાં ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી અપાવવાના ઠરાવનું પાલન થયું નથીઃ- પ્રવીણ રામ★**

**★ઘણી કંપનીઓમાં તો માત્ર ૫ થી ૧૦ ટકા સ્થાનિક લોકોને જ રોજગારી આપવામાં આવે છે :- પ્રવીણ રામ**

કોઈ પણ રાજયમાં ઉદ્યોગો આવતા હોય એમનું પાછળનો મહત્વનો હેતુ વિકાસની સાથે સાથે સ્થાનિક લોકોને રોજગારી અપાવવાનો છે અને એમના માટે ૧૯૯૫ માં સરકાર દ્વારા પણ ખાનગી કંપનીઓમાં ૮૫ ટકા સ્થાનિક લોકોને જ રોજગારી આપવામાં આવે એવો ઠરાવ થયો છે પરંતુ વાસ્તવમાં આ ઠરાવનું મોટા ભાગની કંપનીઓમાં પાલન થતું નથી, સ્થાનિક રોજગારી માટે સ્થાનિક લોકો અનેકવાર કંપની સાથે બાથ ભીડતા હોય છે ત્યારે પણ સરકારના તંત્ર દ્વારા આ ઠરાવનું પાલન કરાવવાની જગ્યાએ આંદોલન કરનાર લોકો ઉપર કાર્યવાહી કરવામાં આવતી હોય છે, અને એટલા માટે વર્ષોથી સ્થાનિક લોકોને રોજગારી બાબતે અન્યાય જ થતો આવ્યો છે

આ બાબતે હાલના તબક્કે ખાનગી કંપનીઓમાં સ્થાનિક રોજગારીને લઈને પૂછાયેલા પ્રશ્નમાં મોટા ભાગની કંપનીમાં ૧૯૯૫ માં બનેલા ઠરાવનું સંદતર ભંગ થતું હોવાનું બહાર આવ્યું છે ત્યારે આ બાબતે સરકારે લૂલો બચાવ કરતા કહ્યું છે કે આ ઠરાવનું પાલન કરાવવા માટે આ એકમોને સમજ આપવામાં આવશે ત્યારે આ મુદ્દે આપ નેતા અને હરહંમેશ યુવાનો માટે લડતા પ્રવીણ રામે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે આ ઠરાવનું તો મોટા ભાગની કંપનીઓ પાલન કરતી નથી આ તો અત્યારે વિધાનસભા મારફત લોકો સમક્ષ આવ્યું , તેમજ વધુમાં સરકાર ઉપર કટાક્ષ કરતા આપ નેતા પ્રવીણ રામે જણાવ્યું કે સરકાર તરફથી વિધાનસભામાં આવેલો જવાબ કુતૂહલ સર્જી રહ્યો છે, સરકારે એવું કીધું કે અમે ઠરાવનું પાલન કરાવવા માટે સમજ પાડીશું ત્યારે એ નથી સમજાતું કે આ ઔધોગિક એકમો કેટલી હદે અણસમજુ હશે કે આ ભાજપની સરકાર ૨૫ થી ૩૦ વર્ષોથી આ ઠરાવનું પાલન કરાવવા માટે સમજાવી રહી છે પરંતુ હજુ એમને સમજ પડતી નથી, પરંતુ વાસ્તવમાં એવું નથી કે સરકાર આ ઔધોગિક એકમોને સમજ પાડી રહી છે પરંતુ સ્થાનિક રોજગારીની નહિ પરંતુ પોતાના નેતાને ક્યો કોન્ટ્રાકટ આપવાનો છે એમની સમજ પાડી રહી છે, આ સરકાર આ એકમોને કેટલું ચૂંટણીફંડ એમની સમજ પાડી રહી છે એવું આપનેતા પ્રવીણ રામે આક્ષેપ કર્યો ,વધુમાં સરકારને આડેહાથ લેતા જણાવ્યું કે સરકારે સ્થાનિક રોજગારીના ઠરાવ મુદ્દે કંપનીઓને સમજ ના આપવાની હોય પરંતુ સુધા આદેશ જ આપવાના હોય, પરંતુ સરકારની સ્થાનિક લોકોને રોજગારી આપવાની કોઈ મનસા જ નથી

આ તકે વધુમાં સરકારને આ ઠરાવનું તાત્કાલિક ધોરણે પાલન કરવા પણ જણાવ્યું અને જો આવું નહિ થાય તો ગુજરાતમાં સ્થાનિક રોજગારીનો મુદ્દો ભયંકર છે અને એટલા માટે ગમે ત્યારે આ મુદ્દો સરકાર માટે મુશ્કેલી સર્જી શકે એવી ચેતવણી પણ આપ નેતા પ્રવીણ રામે આપી

**કેસુડાના ફૂલ સ્વાસ્થ્ય માટે ગુણકારી, તેમાં છૂપાયેલા છે અનેક ઔષધિ ગુણ**

# ડાંગ્ વસંતની શરૂઆત થતાં કેસુડાના ઝાડ પર કેસુડાના કેસરી ફૂલો જોવા મળ્યા

ડાંગ્ વસંતની શરૂઆત થતાં કેસુડાના ઝાડ પર કેસુડાના કેસરી રંગ પૂર બહાર ખીલ્યો છે. જેમાં વસંતઋતુમાં ડાંગ જિલ્લો ખાસ કરીને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છે. તેમાં પણ વસંતઋતુમાં કેસૂડો સોળે કળાએ ખિલતા જોવા મળ્યા છે. ડાંગ જિલ્લામાં ઠેર ઠેર કેસુડાના ઝાડો પરથી ગ્રામ્ય કક્ષાએ રોજગારી પણ આપે છે. તેમાંથી કલર બનાવી સારી એવી આવક પણ મેળવી શકાય છે. ડાંગ જિલ્લાના જંગલમા ઠેર ઠેર કેસૂડાના ઘટાદાર વૃક્ષો પર કેસૂડાના ફૂલો દ્વારા જાણે કેસરી ચાદર ઓઢી હોય એમ જણાઈ રહ્યું છે. વસંતની શરૂઆત થતાં કેસૂડો સોળે કળાએ ખીલી ઊઠે છે. ગ્રામ્યકક્ષાએ કેસૂડાના ફૂલોનું વિશેષ મહત્વ જણાઈ આવે છે. તેના ફૂલ, પાન અને કલરનો



ઔષધીય ઉપયોગ પણ કરી શકાય છે અને ડાંગ આદિવાસી રીતરિવાજો પ્રમાણે કેસુડાના ફૂલ પૂજામા પણ ઉપયોગ કરતાં હોય છે અને ઉનાળાની શરૂઆત થઈ ચુકી છે ત્યરે સુકીભઠ જગ્યાએ પણ કેસરી ફૂલોવાળા ઝાડે અવશ્ય રીતે તમારું ધ્યાન ખેંચ્યું હશે. અને દૂર દૂર થી નજરે પડતા હોય છે સુંદર કેસુડાના ફૂલ અને આ ફૂલ ને ઉકાળીને તે પાણીથી બાળકોને સ્નાન કરાવવાથી ઓરી અછબડા લુ અને ગરમીના રોગથી રક્ષણ મળે છે.

# ડાંગ એસ. એસ. માહલા કેમ્પસમાં ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કાર્યક્રમ આયોજિત થયો

કુકડનખી, તારીખ : ૨૭-૦૨-૨૦૨૪ ના રોજ એસ.એસ. માહલા કેમ્પસ ખાતે મહિલા અને બાળ વિકાસ અધિકારી આહવા ડાંગ અને કાનૂની સલાહ કેન્દ્ર દ્વારા સંયુક્ત ઉપક્રમે સવારે ૧૧ વાગ્યે "ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫" નો જાગૃતિ લક્ષી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાનો વઘઈ તાલુકાના પ્રમુખશ્રી ચંદ્રભાઈ ગાવીત, વઘઈ તાલુકાના ઉપપ્રમુખ શ્રીમતી વનીતાબેન ભોયે, ચીચીના-ગાવઠા ના સભ્ય શ્રીમતી દક્ષાબેન બંગાળ, કાનૂની સહાય કેન્દ્રના કાર્યકર જયશ્રીબેન અને સી ટીમના બહેનો હતા . આ કાર્યક્રમમાં જાગૃતિ માટે મુખ્ય માહિતીદાતા મહિલા અને બાળ અધિકારી કચેરીના કર્મચારીગણ, સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક સંગીતાબેન, મહિલા અને બાળ અધિકારી કચેરી ફિલ્ડ ઓફિસર મેહુલભાઈ સૂર્યવંશી, હ્રઉૐઈઉ ના જેન્ડર સ્પેશિયાલિટી વિજયભાઈ ગાવીત, ઁમ્જીઝ ના (આહવા) સંગીતાબેન, ઁમ્જીઝ (વઘઈ) કાઉન્સિલર તેજલ બેન, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના કેન્દ્ર સંચાલક જશોદાબેન જી પવાર, મહિલા અને બાળ અધિકારી કચેરીના ફિલ્ડ ઓફિસર વિજયભાઈ ચૌધરી હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમનું સૂત્રસંચાલન સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક સંગીતાબેને સાંભળ્યું હતું. દીપ-પ્રાગટ્ય થયાં બાદ સૌ મહેમનોનું સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.



જેમાં સૌ પ્રથમ કાનૂની સહાય કેન્દ્રના કાર્યકર જયશ્રીબેને સૌને ઘરેલુ હિંસા કોને કહેવાય? કઈ રીતે આપણે તેમાં સહજ સભાગી બનતા હોઈએ છીએ? કઈ રીતે આપણે સહુ આ બધુ જોઈ-જાણીને પણ તેને અવગણતા હોઈએ છીએ? એક શિક્ષિત વ્યક્તિ તરીકે આપણે શું કરવું જોઈએ અને કાયદાનો ઉપયોગ કરવો જોઈએ? તે અંગે વિગતવાર માહિતી આપી હતી. ઉપરાંત તેઓએ કોલેજમાં વધુ સંખ્યા કન્યાઓની હોવાથી છેડતી અંગે પણ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગતના સખી વન સ્ટોપ સેન્ટરના અન્ય કર્મચારીઓએ મહિલાઓ સખી વન સ્ટોપ, ૧૮૧ તેમજ મહિલાઓ સંબંધિત વિશેષ સરકારશ્રીની યોજનાઓ વિશે જાગૃતિ ફેલાવવાનું કામ કર્યું હતું. કાર્યક્રમમાં જીૐઈ ટીમ સહિત ઉપસ્થિત મહિલા પોલીસ કર્મચારીએ માત્ર વિદ્યાર્થિનીઓ માટે એક વિશિષ્ટ કાર્યક્રમ દ્વારા જાગૃતતા અને સજાગતા લાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ કાર્યક્રમમાં એસ.એસ.માહલા કેમ્પસમા ચાલતી એસ.એસ માહલા કોમ્પ્યુટર સાયન્સ કોલેજ, એસ.એસ.માહલા બીઆરએસ કોલેજ, એસએસ મહાલા નર્સિંગ કોલેજ તથા ય્દ્બસ્ અને છ્દ્બસ્ તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અંતે ભાગ લેનાર તમામ એ મહિલાઓનું સન્માન અને સુરક્ષા જળવાય તેમજ તેમના ઉપર થતાં અત્યાચારો અટકાવી શકાય તે સંબંધિત પ્રતિજ્ઞા લેવામાં આવી અને વિદ્યાર્થીઓને નાસ્તો આપીને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

# ખેત ઉત્પન્ન બજાર સમિતિ ચેરમેન પદે મુકેશ પટેલની વરણી



કપરાડા..૨૮...

ખેત ઉત્પન્ન બજાર સમિતિ કપરાડાની મંગળવારે યોજાયેલા ચેરમેન પદ માટેની ચૂંટણીમાં.કોઈએ ઉમેદવારી ન નોધાવતા વર્તમાન ચેરમેન મુકેશભાઇ પટેલની બિન હરીફ ફરી ચેરમેન પદે વરણી થઈ હતી જયારે વાઈસ ચેરમેન. પદે.ઉત્તમભાઈ રાઉત ની વરણી થઈ હતી.વલસાડ જિલ્લા ભાજપના ઊપ પ્રમુખ.અને નાનાપોંઢા ના સરપંચ મુકેશ.પટેલે સહકારી શેત્ર મા.પણ પોતાનો દબદબો યથાવત રાખી સતત બીજી ટર્મ માટે બિન હરીફ વરણી થતાં સમર્થકોએ ફટાકડાઓ ફોડી વાતાવરણને ગુંજી નાખ્યું હતું,ઉપસ્થિત તાલુકા ભાજપ.પ્રમુખ રમેશ ગાવિત સહિત આગેવાનોએ મુકેશ.પટેલને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.મુકેશ.પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપ પરિવાર ,પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ,જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા સહિત સમર્થકો અને સાથી સભ્યોનો આભાર વ્યક્ત કરી આવનારા સમયમાં તેઓ એપીએમસી ના વિકાસ ખેડૂત લક્ષી કામગીરી કરશે.નોંધનીય છે કે ચૂંટણીમાં તેમની પેનલના વેપારી વર્ગમાં ૪ બેઠકો બિન હરીફ થઈ હતી,અને ખેડૂત વર્ગની તમામ ૧૦ બેઠકો કબજે કરી કોંગ્રેસનો સફાયો કરી નાખ્યો હતો.

## ડાંગ જિલ્લા પચાયતનાં શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત

# હે-મોખામાળ પ્રાથમિક શાળાનાં અનિયમિય શિક્ષકોથી વાલીઓ ત્રસ્ત



બાળકોનાં અભ્યાસ પર ગંભીર અસર થતી હોવાનું જણાવી છ મહિનાં પહેલાં લેખિત અને મૌખિક ફરીયાદ કરવાં છતાં શિક્ષણ વિભાગ ધોર નિદ્રામાં શિક્ષણ અધિકારીએ ગુલીબાંજ શિક્ષકો સામે કાર્યવાહી કરવાની જગ્યાએ શાળાની મુલાકાત લેનાર અખબારનાં પ્રતિનિધિને ધમકી આપી

**જિજ્ઞેશ ત્રિવેદી**

**પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી,ડાંગ તેમણે જણાવ્યું હતું કે મને ફરીયાદ મળી છે જેની તપાસ ચાલું છે**

**રાજુભાઈ બાગુલ**

**મોખામાળ ગામની પ્રાથમિક શાળાનાં વાલી સમિતિનાં સભ્ય તેમણે જણાવ્યું હતું કે અમારી શાળામાં શિક્ષકો મનમાની કરે છે ટાઈમ પહેલાં ભાગી જાય છે મુખ્ય શિક્ષક તો આવતાં જ નથી વાલીસમિતીની મિટીંગ લેવાંતી નથી હિસાબો પણ આપવામાં આવતાં નથી શિક્ષકોને વિધાર્થીઓની કોઈ પડી નથી એટલે જ અડધા વિધાર્થીઓ આ શાળા માંથી બીજી શાળામાં જતાં રહયાં છે**

**નવનીત પટેલ**

**મોખામાળ ગામની પ્રાથમિક શાળાનાં મુખ્ય શિક્ષક**

**તેમણે જણાવ્યું હતું કે બધા શિક્ષકો રાબેતા મુજબ શાળામાં આવે છે અને શિક્ષણકાર્ય યસ્થિત થાય છે વાલીસમિતીનાં સભ્યોને બધી માહિતી આપવામાં આવે છે**

આહવા,

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાની મોખામાળ પ્રાથમિક શાળાનાં મુખ્ય શિક્ષક તથા કેટલાક શિક્ષકો અનિમિયત શાળામાં આવે છે અને સમય પહેલાં શાળાએથી ભાગી જવા અંગેનો વિડીયો થોડાક દિવસ અગાઊ શોસિયલ મિડીયામાં વાયરલ કર્યો હતો અને શિક્ષણ વિભાગને લેખિત ફરીયાદ કરવાં છતાં ગુલીબાંજ શિક્ષકો સામે કાર્યવાહી નહી થતાં નારાજ શાળાનાં એસ.એમ.સી સભ્યએ બાળકોને શિક્ષણ માં ગંભીર નુકશાન થઈ રહયાંનું જણાવતાં અખબારનાંપ્રતિનિધિઓ દ્વારા શાળાની સ્થળ તપાસ કરી હતી જેમાં શાળાનાં મુખ્ય શિક્ષક અને બે શિક્ષિકાઓ ગેરહાજર હતી. ડાંગ જિલ્લા પચાયત શિક્ષણ વિભાગ હસ્તકનાં મોખામાળ પ્રાથમિક શાળા માં શિક્ષકો અનિમિયત રહેતાં હોવાનો વિધાર્થીઓ સાથેનો વિડીયો શાળાનાં વાલીસમિતીનાં સભ્ય રાજુભાઈ બાગુલએ શોશિયલ મિડીયા પર કરી તેમનાં બાળકોનાં શિક્ષણને ગંભીર નુકશાન થઈ રહયાંનું જણાવ્યું હતું તેમજ તેમને ગત જુન માસમાં છ મહિનાં અગાઊ શિક્ષણ વિભાગને લેખિત ફરીયાદ કરવાં છતાં કાર્યવાહી થઈ નથી જે બાબતની હકીકત ચકાસવાં માટે આજરોજ પ્રતિનિધિએ સ્થળ તપાસ કરતાં જોવા મળ્યું હતું કે શાળા માં સોમવારનાં રોજ શાળા સમયનાં ૧૧ વાગ્યાં બાદ શાળાનાં કુલ-૮ શિક્ષકો પૈકી મુખ્ય શિક્ષક અને બે શિક્ષિકાઓ ગેરહાજર હતી કુલ-૨૫૬ વિધાર્થીઓ માંથી ૧૨૫ વિધાર્થીઓ હાજર રહયાં હતાં ગેરહાજર શિક્ષકોનાં વર્ગ માં કોઈ અન્ય શિક્ષક હતું નહી જે બાબતની જાણ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકરી જીજ્ઞેશ ત્રિવેદી ને જણાવતાં તેઓ આ બાબતની મને જાણ છે મે તપાસ સોંપી છે તમારે શાળામાં જવાની જરૂર નથી શાળામાં જશો તો તમારા પર પોલીસ કરીશ જેવી ધાક-ધમકીઓ આપી હતી ડાંગ જિલ્લા માં વલસાડ,સુરત,નવસારી,તાપી સહિતનાં અન્ય જિલ્લાઓમાંથી આવતાં અપડાઊનીયાં શિક્ષકો ટાઈમ પહેલાં શાળા માથી ઊપડી જવું અને પાળી પાડીને નોકરી કરવાનાં લીધે વિધાર્થીઓનાં શિક્ષણ પર ગંભીર અસર થઈ રહી છે આ અપડાઊનીયાં શિક્ષકો સામે કાર્યવાહી કરવાનાં બદલે શિક્ષણ વિભાગ માં ચાલતી લાલિયાવાડી બહાર નહી આવે તે માટે પત્રકારોને ધાક-ધમકી આપવાની હિન કોશીશ થઈ રહી છે







ટ્વીનીગ કાર્યક્રમ અંતર્ગત તાઃ૨૬-૦૨-૨૦૨૪ નાં રોજ અહમદપુર પ્રાથમિક શાળા દ્વારા ધારીસણા પ્રાથમિક શાળાની મુલાકાત લેવામાં આવી.જ્યાં અહમદપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ધારીસણા પ્રાથમિક શાળામાં વર્ગખંડ શિક્ષણકાર્યમાં સહભાગી થયા.ધારીસણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે મૈત્રીપૂર્ણ વાતાવરણમાં ખેલકૂદમાં ભાગ લીધો,ત્યાં નાસ્તો-ભોજન કરી સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો.ત્યારબાદ તાઃ૨૭-૦૨-૨૦૨૪ નાં રોજ ધારીસણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અહમદપુર પ્રાથમિક શાળાની મુલાકાત લીધી.આ વિદ્યાર્થીઓએ અહમદપુર પ્રાથમિક શાળામાં અહમદપુર પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કરાવવામાં આવતા શિક્ષણકાર્યને નિહાળ્યું.ત્યારબાદ ખો-ખો,ચેસ,દોરાડાકૂદ અને કેરમ જેવી રમતો રમ્યા.ત્યારબાદ નાસ્તો કરી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો.જેમાં અહમદપુર પ્રાથમિક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ અભિનયગીત,બાળગીત,નાટક,એકપાત્રીય અભિનય જેવા કાર્યક્રમ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા.આમ,બે દિવસના ટ્વીનીગ કાર્યક્રમ થકી બની શાળાઓના વિદ્યાર્થીઓએ કઈક નવું મેળવવાનો અને જાણવાનો પ્રયાસ કર્યો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.